

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*માંદાં કબૂતર કોંગીની પાંખ કપાતી જાય છે,*
*ઘટતી જાય છે આબરૂ, શાખ છૂપાતી જાય છે.*
*માંખ ડૂબતી જાય છે તેલમાં (જેલ) નિ:સહાય)-*
*દિસે ન કિનારો અશક્ત આંખ મપાતી જાય છે*
*(શરદ પવાર જેલમાં જવા ઉતાવળા ?!)*

### હાઈકુ

*માને નેતાઓ -*
*જાણે બાપ કમાઈ -*
*બેન્ક મિલ્કત!!*

*ચરે નિશ્ચિંત -*
*સહકારી બેન્કો તો*
*જાણે ગોચર!!*

### ચિંતન

**શ્રદ્ધાં દેવા યજમાના વાયુગોપા ઉપાસતે ।**
**શ્રદ્ધા હૃદય યાકૂત્યા શ્રદ્ધયા વિન્દતે વસુ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

શ્રદ્ધા હૃદયની ઉચ્ચ ભાવનાનું પ્રતિક છે. તેના દ્વારા મનુષ્યનું આધ્યાત્મિક જીવન સફળ થાય છે અને તે ધન પ્રાપ્ત કરીને સુખી બને છે.

શ્રદ્ધાનો સથવારો એ મનુષ્યના જીવનનો સૌથી મોટો સથવારો છે. માતાપિતા તથા ગુરુ પ્રત્યેની શ્રદ્ધા; ધર્મ અને સદાચાર પ્રત્યેની શ્રદ્ધા તથા પોતાના કર્મ પ્રત્યેની શ્રદ્ધા આપણા જીવનની પ્રગતિના મુખ્ય આધાર છે. એમના દ્વારા જ મનુષ્યનો આત્મવિકાસ થાય છે અને સંકલ્પમાં દૃઢતા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધાની આળસ તથા પ્રમાદ ડરીને દૂર ભાગી જાય છે અને સંપૂર્ણ મનોયોગ દ્વારા સંકલ્પ પૂરો કરવાનો માર્ગ મોકળો બની જાય છે.

### સુવિચાર

- જો પૂર્ણ શ્રદ્ધા હોય મુસાફરને મંઝીલમાં...., તો આપ મેળે વળે છે કદમ મુકામ તરફ - **અમૃત ઘાયલ**
- કુદરતને કળીમાંથી ફૂલ બનાવતાં આવડતું હશે,
  પણ કાંટાને ફૂલમાં ફેરવવાની આવડત તો માત્ર માનવીમાં જ છે - **વિલાસ ખાંડેકર**
- પ્રીતિ વચન જેવું બીજું કોઈ વશીકરણ નથી અને કળા-કૌશલ્ય જેવું બીજું કોઈ ધન નથી,
  અહિંસા જેવો બીજો કી ધર્મ નથી - **મહાભારત**
- ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તોય વધુ ઉમદા કાર્ય કરવાની ભૂખ જાગ્રત રાખવી,
  તે અર્થમાં ભૂખ્યા રહેવું - **સ્ટીવ જોબ્સ**
- પાણીનું દાન કરી નાખનાર વાદળનું સ્થાન ઊંચું છે, પાણીનો સંગ્રહ કરનાર સાગરનું સ્થાન નીચું છે,
  દાન ગૌરવ અપાવે છે - **પુરાણ**
- સ્માઈલ કઈ પણ વસ્તુને માઈલ્ડ કરી નાખે...!! - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : સાધારણ તાવ-કળતરમાં મરીનો ઉકાળો ખડી સાકર નાખીને પીવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વર્ષ મોસ્કો માટે વિશેષ કપરું હતું. મોસ્કો રાજયમાં અનાજની જબરદસ્ત તંગી ઊભી થઈ હતી. છતે પૈસે લોકોને અનાજ મળતું ન હતું. રશિયાના બીજા રાજયોમાં આટલી તંગી નહોતી. આવા કપરાં સંજોગોમાં એક ઉમરાવે રશિયન પ્રમુખ લેનીનને રુબરુ મળીને કહ્યું, 'આવતા રવિવારે મારે ત્યાં ભોજન સમારંભ છે, આપનું મારું ભાવભીનું આમંત્રણ છે.' લેનિને ગંભીર અવાજમાં કહ્યું, 'મહાશય, તમે તમારું જ ગૌરવ અને આનંદ વધારવાના સ્વાર્થી વિચાર કરશો તો મારા ગૌરવ અને આનંદ માટે પણ કંઈક પ્રયત્ન કરશો ?' ઉમરાવે કહ્યું, 'સાહેબ, મને કંઈ સમજાતું નથી કે આપ શું કહેવા માગો છો?' લેનિને કહ્યું, 'હાલ મોસ્કોમાં અનાજની તીવ્ર અછત ઊભી થઈ છે. આવો ભવ્ય ભોજન સમારંભ તમે મોકુફ રાખશો તો મને વધુ પસંદ થશે. મને તમારા પર ગૌરવ થશે. બોલો, તમે મારું ગૌરવ જાળવશો ? મારો આનંદ વધારશો?' ઉમરાવનો સઘળો ઉત્સાહ ટાઢો પડી ગયો. તેણે લેનિનની માફી માંગી ભોજન સમારંભ મોકૂફ રાખ્યો એટલું જ નહીં. એ સમારંભમાં જેટલું અન્ન અને અન્ય સામગ્રી વપરાવાનાં હતા એ બધું અનાથાશ્રમમાં અને બીજા ગરીબોને સહાયઅર્થે મોકલી આપ્યું. લેનિને ઉમરાવનો આભાર માનતા કહ્યું, 'મારા દેશવાસીઓ ભૂખ્યા હોય અને હું ભવ્ય ભોજન સમારંભની મિજબાનીની કેવી રીતે માણી શકું.'

# દેશમાં નિરર્થક વિવાદ ટાળીએ

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ઉમળકાપૂર્વક આપણા લાડીલા વડાપ્રધાનની પ્રશસ્તિ કરતાં એમને 'ફાધર ઓફ ઈંડિયા'નું હુલામણું બિરુદ એનાયત કરી દીધું. એવી પ્રશસ્તિ કરવામાં અમેરિકન પ્રેસિડેન્ટનો કોઈ દુરાશય નહોતો. દેશના તમામ પ્રદેશો અને વિવિધ વર્ગના પ્રજાજનોમાં જે રીતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અકલ્પનીય લોકપ્રિયતા હાંસલ કરી છે તે જોતાં એક વિશાળ પરિવાર માટે પિતા જેવી કાળજી રાખે એવી તુલના સૂઝવી સ્વાભાવિક છે. ટ્રમ્પ જયારે મોદીને ભારત માટે 'ફાધર ફિગર' ગણાવે છે ત્યારે એમના દિમાગમાં સિત્તેરમાં વર્ષમાં પ્રવેશેતા એક પાકટ પ્રજ્ઞાવાન રાષ્ટ્રનાયક તરીકેની મોદીની ઊજળી છબી પ્રગટે છે. એથી ભારતના સ્વીકૃત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની અવહેલના થશે એવું તો એમને સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય. ટ્રમ્પ જે કંઈ બોલે છે તે સ્વયંસ્પૂર્ત હોય છે, એ તૈયાર કરેલી કે કરાવેલી સ્ક્રિપ્ટ નથી હોતી. વળી ટ્રમ્પ કોઈ મીંઢા રાજકારણી પણ નથી. એ તો એક કુશળ બિઝનેશમેન હતા અને ઓચિંતી જ ચાનક ચડી, રિપબ્લિકન પાર્ટી પાસે અઢળક નાણાં ખર્ચીને ચૂંટણી જીતી શકે એવો બીજો ઉમેદવાર જ ન હતો - એટલે એમણે ઈચ્છા દર્શાવી અને પાર્ટીએ એમને પોતાના ઉમેદવાર તરીકે સ્વીકારી લીધા હતા. ટ્રમ્પ જરા આખાબોલા છે, અમેરિકાના પૂર્વ પ્રમુખો જેવા બહુશ્રુત નથી. એ સરવાળે એક સહજ માનવી છે, જેમને માનવીની તમામ મર્યાદાઓ સાથે અમેરિકન મતદાતાઓએ સ્વીકાર્યા હતા. અલબત્ત, એમની વિરુદ્ધ અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો પણ થયાં હતા, એમની લાયકાત વિશે પણ અનેક પ્રકારની ટીકાટિપ્પણ થઈ હતી. છતાં 'અમેરિકા ફર્સ્ટ' વાળી રાષ્ટ્રીયતાના મુદ્દે, સવિશેષ ગોરી બહુમતીના પ્રવક્તા તરીકે તેઓ એમની સરખામણીએ ચડિયાતાં પ્રતિસ્પર્ધી ડેમોક્રેટિક પાર્ટીનાં ઉમેદવાર હિલેરી ક્લિન્ટનને માત આપી 'વ્હાઈટ હાઉસ' કબજે કરી શક્યા હતા. નરેન્દ્ર મોદીએ જાતે કબૂલ્યું છે તેમ બેઉ નેતાઓની 'કેમિસ્ટ્રી' મળે છે; ટ્રમ્પ પોતે કહેતા આવ્યા છે કે તમારો એક મિત્ર વ્હાઈટ હાઉસમાં બેઠો છે. ટ્રમ્પે વૈશ્વિક નેતાગીરી કરતાં રાષ્ટ્રીય નેતાગીરીનો મહિમા કરીને નવો વિચાર રમતો મૂક્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાષ્ટ્રવાદી રાજનીતિ એમને ગમે છે. પોતે પણ એમનામાં પ્રેરણા લઈ 'મોટા ભા'તરીકે આખી દુનિયાની 'ચિંતામાં દુબળા પડવા કરતાં અમેરિકાની સ્મૃદ્ધિ' અને પ્રતિષ્ઠા સાચવી બેસી રહેવામાં ટ્રમ્પને શ્રેય વરતાયું છે. એટલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે તેઓ એ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પૂર્વસંમતિ જ ન લીધી હોય. વડાપ્રધાનને તો 'ફાધર ઓફ ઈન્ડિયા' કરતાં 'સન ઓફ ઈન્ડિયા' બની રહેવામાં જ રસ હોય. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દીની સમાપ્તિ વેળાએ આવા શબ્દો પણ રાજકારણ કરનારાઓનો તોટો નહીં રહે, પરંતુ મોટી માટે મહાત્મા ગાંધી જ રાષ્ટ્રપિતા હતા, છે અને રહેશે.

# અંકલનું અલ્ટીમેટમ : ટાળ્યો ટાળ્યો તોય ગોટાળો



## હળવે હૈયે

પ્રકાશ લાલા

'લાલાકાકાએ એક ફિલ્મી ગીત ગાતા ગાતા ચોકઠા પરિષદમાં પધારેલા જોઈ - સાંભળી ચોકટા પરિષદના બધા હાજર મેમ્બર્સને નવાઈ લાગી... અંકલ ગાતા હતા : 'ચિનગારી કોઈ ભડકે તો સાવન ઉસે બુઝાયે... સાવન જો આગ લગાયે તો ઈસ કૌન બુઝાયે ?'

રેડ અંકલનો અવાજ તો સાવનના વરસતા વરસાદનેય ભગાડી મૂકે એવો હતો... પણ એમને 'ગીત ગાવાનું બંધ કરો, કાકા! કાનને ત્રાસ થાય છે... વાતાવરણ પ્રદૂષિત થાય છે...!' એવું તો કહેવાય નહીં એટલે અમે અંકલને બંધ કરવા - વાતોએ ચઢાવી દેવા પૂછ્યું : 'વાહ! પણ કાકા, કેમ અચાનક આજે આ ગાયન ગાવાનું સૂઝ્યું તમને ?'

'હા... હા અંકલ, કેમ ?' અમારા પ્રશ્નમાં બીજા સભ્યોએ પણ 'કોરસ' માં સૂર પૂરાવ્યો.

'અવ્યા ભાઈઓ, કોર્ટ બિલ્ડિંગમાં કોર્ટ રૂમનાં તાળા તૂટ્યાના કે પોલીસ ઈન્સ્પેકટરના બંગલામાં તસ્કરો ત્રાટક્યાના સમાચાર વાંચ્યા પછી આ જ ગાવું ને કહેવું પડે ને !!'

'હં... વાત તો સાચી છે તમારી, હોં.' પટેલભાઈએ રેડ અંકલની વાતને અનુમોદન આપતાં ઉમેર્યુ : 'પાણીમાં જ આગ લાગે તો કયાં જવું ? અરે, સોનાને કાટ લાગવા માંડે તો લોખંડની શી વાત કરવી, બરાબર ને?'

'હા... મારું એમ જ કહેવું છે...' લાલાકાકા બોલ્યા... અને તરત જ અમને નિશાન બનાવતાં કહે : એ બધી વાત જવા દો.... પનુભાઈ, યાદ રાખીને આપણું કયાંક ગોઠવી આપજો, યાર !!'

'હેં ?'

'આ... વખતે તમારે મારો કયાંક તો મેળ પાડવો જ પડશે... આપણું ગોઠવવાનું જ છે... નહીં ચાલે...'

'પણ અંકલ, આ ઉંમરે ? તમેય શું ?' અમારાથી બેય હાથની હથેલીઓ હસ્તમેળાપની મુદ્રામાં ગોઠવતાં બોલાઈ ગયું.

એ જોઈ રેડ અંકલ બગડ્યા : 'પનુભાઈ, એમ મારું ગોઠવવાની વાત નથી કરતો.'

'તો ?'

'હું તો કહું છું કે આ વખતે નવરાત્રિમાં ગરબામાં કોઈ જગ્યાએ આપણું ગોઠવી આપજો.'

'ગરબામાં ?' અંકલની વાત અમને સમજાઈ નહીં... વળી, હજી બે વીક પહેલાં જ અંકલ ગરબાના નવા-લેટેસ્ટ સ્ટેપ્સ શીખવા 'ગરબા ક્લાસ'માં ગયેલા ને ત્યાં 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેમ લચક લેતા એમના પગ-કમરમાં મચક આવી ગયેલી. પરિણામે કાકાને ગરબા શીખી, ગરબા સ્પર્ધામાં, 'સિનિયર સિટિઝન્સની કેટેગરી'માં ઈનામ જીતવાની ઉમ્મીદ પર પાણી ફરી વળ્યું હતું ને આરામ કરવો પડ્યો હતો એની અમને ખબર હતી... તેથી જ અમે લાલાકાકાને ચેતવ્યા!

'અંકલ, ગરબે ઘૂમવાનું તો તમે નામ જ ના લેશો... માંડ તમારાં પગને કમર રીપેર થયાં છે... ફરી પાછા ઘરબા રમવા જશો ને મચક આવી જશો તો...' અમે રેડ અંકલથી છૂટવા કહ્યું... તો એ ઝટ બોલી ઊઠ્યા :

'યાર, મારે ગરબા નથી રમવા...'

અમે માથું ખંજવાળ્યું... એક બાજુ લાલાકાકા ગરબામાં ગોઠવી આપવાનું કહે છે ને બીજી બાજુ કહે છે કે, 'મારે ગરબા નથી રમવા...' આમાં સમજવાનું શું ?

તમને મૂંઝાયેલા જોઈ અંકલ ઉવાચ : 'પનુભાઈ, ગરબાાં કયાંક ગોઠવી આપવાનું એટલે કોઈ જગ્યાએ ગરબામાં જજ - નિર્ણાયક તરીકે એકાદ દિવસ ગોઠવવાની વાત છે, સમજો યાર!! પુરસ્કાર નહીં આપે તો ચાલશે પણ ચાર માણસમાં આપણો વટ પડે... ઘરમાં જજ તરીકેની ટ્રોફી આવે ને એટલે.'

'શું ?' લાલાકાકાની આ વાત સાંભળીને તો એમને વગર ગરબા ગામે ચક્કર આવવા માંડ્યા... કોઈએ રાસ રમતા રમતા લમણાં ડાંડિયો ઠોકી દીધો હોય એવું થઈ ગયું...

'પનુભાઈ...' અમને ચૂપ જોઈ રેડઅંકલ વધ્યા : 'કોઈ બહાનું નહીં ચાલે... અને નવરાત્રિની નવ રાતોમાંથી કોઈ એક રાત્રે જ નિર્ણાયક તરીકે મેળ પાડવાની વાત કરું છું...'

'પણ અંકલ... તમે...'

'કેમ ભાઈ ? અમેય બચપનમાં શેરીના ગરબામાં, પછી શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાસમાં ભાગ લીધો છે... આટલી ઉંમરમાં ગરબાના કેટલાય પ્રોગ્રામો જોયા છે... તે અમને ગરબામાં સમજણ પડે જ ને !! અમારી જોડે બીજા બે જજ સ્ટ્રોંગ હોય એટલે વાંધો ના આવે.'

'હેં ? હા...' ઈલેકટ્રિક લાઈવ વાયર જેવા જોખમી ને સેન્સેટિવ રેડ અંકલને ફટ દઈને તો કેમ કહું કે, 'કાકા મારા, રેડિયો પર આવી જિંદગી ગીતો સાંભળી કોઈ ગાયક નથી બની જતું અને પાંચ-પચાસ ભાગવત કથા પારાયણો સાંભળીને ભાગવત કથાકાર નથી થઈ શકાતું... એમ તમેય...'

ત્યાં અમને ગોથે ચડેલા જોઈ અંકલ બોલ્યા : 'પનુભાઈ, શું વિચારો છો ?'

'બસ એ જ કે ચાર દિવસ પહેલાં આ કહ્યું હોત તો અંકલ તમારે જજ તરીકે મેળ પાડી દીધો હોત.... હવે મોડું થઈ ગયું... બધા ગરબાઓમાં નિર્ણાયકો ફાઈનલ થઈ ગયા હશે... હવે શક્ય નથી...' અમે ગળામાંથી ગાળિયો કાઢવા કહી દીધું...

'અચ્છા ? હું લેટ પડ્યો ? ભલે... તો શું થાય...'

'હા, અંકલ...'

'કંઈ વાંધો નહીં તો ગરબા જોવા માટે બે ત્રણ પાર્ટી પ્લોટના ફ્રી પાસનું તો ગોઠવી આપવું જ પડશે... એમાં નહીં ચાલે...' અંકલે અલ્ટીમેટમ આપી દીધું.... ને અમારી હાલત આસમાન સે ગિરે તો ખજૂર પે લટકે જેવી થઈ ગઈ!!

# શરીરનું બંધારણ ઘડનાર મુખ્ય પોષક દ્રવ્ય કયું છે ?

## વિજ્ઞાન જગત



### ખજાનો

અનિલ પટેલ

૧ નીચેનામાંથી કયો ઘટકનો ખોરાકના મુખ્ય પોષક દ્રવ્યમાં સમાવેશ થયો નથી ?
(અ) કાર્બોદિત (બ) ચરબી
(ક) પ્રોટીન (ડ) વિટામીન

૨ શરીરનું બંધારણ ઘડનાર મુખ્ય પોષક દ્રવ્ય કયું છે ?
(અ) ચરબી (બ) પ્રોટીન
(ક) કાર્બોદિત (ડ) વિટામીન

૩ હોમોસેપિયન્સ કયા પ્રાણીનું વૈજ્ઞાનિક નામ છે ?
(અ) ગોરીલા (બ) લંગૂર
(ક) માનવ (ડ) ચિમ્પાન્જી

૪ પાંડુરોગ કયા તત્ત્વની ઉણપની થાય છે ?
(અ) આયોડીન (બ) મેગેનીઝ
(ક) કેલ્શિયમ (ડ) લોહતત્ત્વ

૫ મરાસ્મસ રોગ મોટાભાગે કોને થાય છે ?
(અ) બાળકોને (બ) યુવાનોને
(ક) સ્ત્રીઓને (ડ) પુખ્ય વ્યક્તિઓને

૬ વિટામીન ડીની ઉણપથી હાડકામાં કયું તત્ત્વ જમા થતું નથી ?
(અ) સોડિયમ (બ) ફોસ્ફરસ
(ક) લોહતત્વ (ડ) કેલ્શિયમ

૭ લોહીને ૪ સેલ્સિયસ નીચા તાપમાને કેટલા દિવસ સુધી સાચવી શકાય છે ?
(અ) ૧૫ દિવસ (બ) ૨૦ દિવસ
(ક) ૩૫ દિવસ (ડ) ૬૦ દિવસ

૮ સૂર્યમંડળનાં કયા ગ્રહને સૌથી વધુ ઉપગ્રહો છે ?
(અ) મંગળ (બ) ગુરુ
(ક) શનિ (ડ) પ્લુટો

૯ ધૂમકેતુને કેવો તારો કહે છે ?
(અ) અચળ તારો (બ) રાતો તારો
(ક) ખરતો તારો (ડ) પૂંછડીયો તારો

૧૦ કયા ગ્રહની ફરતે તેજસ્વી વલયો છે ?
(અ) શુક્ર (બ) શનિ
(ક) ગુરુ (ડ) મંગળ

૧૧ ચંદ્ર એક નક્ષત્રમાં કેટલા દિવસ રહે છે ?
(અ) એક દિવસ (બ) સાત દિવસ
(ક) પંદર દિવસ (ડ) સત્તાવીસ દિવસ

૧૨ સૂર્યમંડળના નીચેનામાથી કયા ગ્રહને ઉપગ્રહ નથી ?
(અ) પૃથ્વી (બ) મંગળ
(ક) યુરેશન (ડ) બુધ

૧૩ ઝિંક અને કોપરના મિશ્રણથી કઈ મિશ્ર ધાતુ બને છે ?
(અ) એલ્યુમિનિયમ (બ) સિલ્વર જર્મન
(ક) પિત્તળ (ડ) કાંસુ

૧૪ નીચેનામાંથી કઈ ધાતુ મુક્ત સ્વરુપે મળી આવે છે ?
(અ) એલ્યુમિનિયમ (બ) કૉપર
(ક) આર્યન (ડ) સોનું

૧૫ સૂર્યમાં કયો વાયુ મુખ્ય સ્વરુપે રહેલો છે ?
(અ) હિલિયમ (બ) હાઈડ્રોજન
(ક) નાઈટ્રોજન (ડ) કાર્બન ડાયોકસાઈડ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૭ સપ્ટેમ્બર : વિશ્વ પ્રવાસ દિવસ**
  - ગાંધીવાદી વિચાર સરણીને વરેલા એવા બબલભાઈ મહેતાનું નિધન (૧૯૮૧)
  - સરદાર વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલનો જન્મદિવસ (૧૮૭૩)
  - રાજારામ મોહનરાયનું અવસાન (૧૮૩૩)
  - પુસ્તક વર્ગીકરણ પદ્ધતિના પુરસ્કર્તા ડૉ શિયાલી રામામૃત રંગનાથની પુણ્યતિથિ (૧૯૭૨)
- **૨૮ સપ્ટેમ્બર : વિશ્વ હૃદય દિવસ**
  - હડકવાના રોગની રસી શોધનાર લૂઈ પાશ્ચરનો જન્મદિવસ (૧૮૨૨)
  - નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉસનસ્'નો જન્મદિવસ (૧૯૨૦)
  - અંતર માપવા માટેના એકમ મીટરને માન્યતા મળી (૧૮૮૯)
  - સર એલેકઝેન્ડર ફલેમીંગ પેનીસીલીનની શોધ કરી (૧૯૨૮)
- **૨૯ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ કોફી ડે**
  - ફ્રેચ સાહિત્યકાર એમિલ ઝોલાનું નિધન (૧૯૦૨)
  - સાહિત્યકાર દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનું નિધન (૧૯૫૨)
  - ગુજરાતી અભિનેત્રી ઈશા શરવાણીનો જન્મદિવસ )૧૯૮૪)
- **૩૦ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ ટ્રાન્સલેશન ડે**
  - સાહિત્યકાર ચિનુ મોદીનો જન્મદિવસ (૧૯૩૯)
  - પ્રખર ધારાશાસ્ત્રી એમ.સી. ચાંગલાની જન્મજયંતિ (૧૯૦૦)
  - અમૃત 'ઘાયલ'ની જન્મજયંતિ (૧૯૧૫)
  - નટવરલાલ મૂ. માળવીની જન્મજયંતિ (૧૯૦૦)
- **૧ ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય પ્રૌઢ દિવસ/ રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાતા દિવસ/ સિનિયર સિટીઝન ડે**
  - સાહિત્યકાર મણીલાલ દ્વિવેદીનું નિધન (૧૮૯૮)
  - અમેરિકન અંતરીક્ષ એજન્સી નાસાની સ્થાપના થઈ (૧૯૫૮)
  - મેટ્રીક તોલમાપ દેશમાં સત્તાવાર રીતે દાખલ કરવામાં આવ્યા (૧૯૬૦)
  - હોમરૂલ ચળવણના પ્રણેતા એની બેસન્ટનો જન્મદિવસ (૧૮૪૭)
- **૨ ઓક્ટોબર : વિશ્વ અહિંસા દિવસ**
  - મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ (૧૮૬૯)
  - લાલ બહાદુર સાસ્ત્રીનો જન્મદિવસ (૧૯૦૪)
  - મિસ યુનિવર્સ બનનારી પહેલી ભારતીય પર્સિસ ખંભાતનો જન્મદિવસ (૧૯૪૮)
  - સદાબહાર અભિનેતા દેવાનંદનો જન્મદિવસ (૧૯૨૩)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કર્ણાટક રાજયના હાલના મુખ્યમંત્રીનું નામ શું છે?**

**જવાબ : યેદીયુરપ્પા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો


(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૩) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી
(૪) હાર્દિક આર મકવાણા : સે-૨૪
(૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ
(૬) અશ્વિન રાવલ : સે-૨૩
(૭) મોન્ટુ વી. પટેલ : સે-૨૩
(૮) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**યુનાઈટેડ નેશન્સ (યુએન)ના હાલના મહામંત્રી કોણ છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મહાપુરુષ - સત્યની શોધમાં






## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

૨૬ નવેમ્બર ૧૯૨૫માં રોજ અમદાવાદના સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથા શરુ કરી. સાથોસાથ મહાદેવભાઈ દેસાઈ અને અંગ્રેજી અનુવાદ કરતા હતા. ગુજરાતી 'નવજીવન'માં પ્રકાશિત થાય; અંગ્રેજી 'યંગ ઈન્ડિયા' માં પ્રકાશિત થાય. ફેબ્રુઆરી ૧૯૨૯ સુધી આમ ચાલ્યું. અંતે ૧૯૨૭માં પહેલો ભાગ અને ૧૯૨૯ બીજો છેલ્લે ભાગ પ્રકાશિત થયો. ખૂબ લોકપ્રિય. પાંચ આવૃત્તિની પાંચ હજાર નકલ સુધી કિંમત માત્ર એક રૂપિયો હતી.

અંગ્રેજી અનુવાદ 'એન ઓટોબાયોગ્રાફી ઓફ ધ સ્ટોરી ઓફ માય એક્સપિરિમેન્ટ્સ વીથ ટ્રુથ' એટલો જ લોકપ્રિય છે. એપ્રિલ ૨૦૦૯ સુધીમાં ૧૫ લાખ ૧૪ હજાર નકલ થયેલી.

ગાંધીજીનો જન્મ ૨ ઑકટોબર ૧૯૬૯ના રોજ થયેલો. એ રીતે એના સવાસો વરસ થયા ત્યારે ૧૯૯૪માં નવજીવન પ્રકાશન સંસ્થાએ આત્મકથાનો પ્રાન્તીય ભાષામાં અનુવાદ કરવાનો નિર્ણય કર્યો. પાંચ વર્ષમાં તેર ભાષાઓમાં અનુવાદ થયા. વિદેશી ભાષામાં આઠ ભાષાઓમાં થયેલા.

એક સુખદ આશ્ચર્યની નોંધ લેતા આનંદ થાય છે. આ પહેલાં આત્મકથાનો સંસ્કૃત અનુવાદ પ્રકાશિત થઈ ચૂક્યો હતો.

મુંબઈની ખાલસા ખૉલેજમાં સંસ્કૃત અને કન્નડ ભાષાના પ્રાધ્યાપક પંડિત હોસકેરે નાગપ્પ શાસ્ત્રી હતા. આત્મકથાનો અંગ્રેજી અનુવાદ એમણે લીધો. એણે જીવનનું ધ્યેય બનાવી દીદું ઓને સંકલ્પ સંસ્કૃતમાં અનુવાદ શરૂ કર્યો. ૮૫ વર્ષે એમનું અવસાન થયું. ત્યારે સંતોષ સાથે દેહ મૂક્યો - 'અનુવાદ પ્રેસમાં ગયો છે.' શીર્ષક આપ્યું - 'સત્ય શોધનમ્.' નવી દિલ્હીની સંસ્થા ગાંધી સ્મારક નિધિએ ૧૯૬૫માં આનું પ્રકાશન કર્યું.

ભારતભૂષણ પંડિત મદન મોહન માલવિયા આ ગ્રંથ જોઈ ગયા અને ગ્રંથ પ્રશસ્તિ સંસ્કૃતમાં લખી આપી. અનુવાદની કોમળ મધુર પદરચનાથી એ પ્રભાવિત થયા. એણે શ્રદ્ધા વ્યક્ત કરી કે વાચકને આનંદ આપશે.

દિલ્હી યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. સી.વી. દેશમુખ સંસ્કૃતમાં વિદ્વાન હતા. એમણે સંસ્કૃતમાં આ ગ્રંથનું પ્રાક્ કથન લખી આપ્યું છે. એમણે પણ દઢ વિશ્વાસ વ્યકત કર્યો છે કે રસિકજનોને આ અનુવાદ પ્રસન્ન કરશે.

સંસ્કૃત અનુવાદ પણ લોકપ્રિય થયો. એની આવૃત્તિઓ ખલાસ થઈ ગઈ. પંડિતજીના બે સંતાનો હતા. એમની મંજૂરી ગાંધી સ્મારક નિધિએ લીધી. નવજીવન પ્રકાશન અને ગાંધી સ્મારક નિધિના સંયુક્ત ઉપક્રમે ૨૦૦૯ ફેબ્રુઆરીમાં આ ગ્રંથ સત્ય શોધનમ્ પ્રકાશિત થયો છે.

સંસ્કૃત વાક્યરચનાઓ કેટલીવાર એકદમ સરળ છે. જેમ કે,

સત્યં હિ સર્વવ્યાપકમિતિ મે પ્રત્યયઃ ।
એવં હિ મે શ્રદ્ધા ।
સત્યં નામેશ્વરસ્વરુપમેવ ।

આ આશ્ચર્યકારક ઘટનાનું મહત્ત્વ અનેક રીતે છે. ગાંધીજીની આત્મકથાનો સંસ્કૃત અનુવાદ પ્રકાશિત થાય એની પ્રતમ આવૃત્તિ અપ્રાપ્ય થઈ જાય અને એનું પુનમુદ્રણ થાય. ૨ ઑકટોબર ૨૦૧૯ના દિવસે પૂ. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી છે; ત્યારે આ પંડિત હોસકેરે શાસ્ત્રીના ભગીરથ પ્રયત્નને આદર સાથે પુણ્યસ્મરણ.

સત્યશોધનમ્ - મો.ક. ગાંધી; નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ગાંધી સ્મારક નિધિ,નવી દિલ્હીઃ ૨૦૦૯, પ્રથમ આવૃત્તિ - પૃ.૨૦ + ૩૯૮ કિ.રૂા. ૩૦